NAVSARI AGRICULTURAL UNIVERSITY

# હિસાબ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

**ખાસ અગત્યનું**

## પરિપત્ર

**નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ના ગ્રાન્ટ, ખર્ચ અને આવકનાં મેળવણાં કરવા બાબત.**

નવસારી કૃષિ યુનિવર્સિટીનાં તમામ કચેરીનાં વડાશ્રીઓ તેમજ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, નાણાંકીય વર્ષ **૨૦૨૫-૨૬** પુર્ણ થયેલ છે. જેથી આપની કચેરીના તાબા હેઠળ ચાલતી પ્લાન, નોનપ્લાન, આઈ.સી.એ.આર, અધર એજન્સી તેમજ રીવોલ્વીંગ ફંડ સહિતની અન્ય તમામ યોજનાઓના **તા.૦૧/૦૪/૨૦૨૫ થી તા. ૩૧/૦૩/૨૦૨૬** સુધીમાં તમામ બજેટ સદર હેઠળ ફાળવેલ ગ્રાન્ટ, થયેલ આવક, ખર્ચ તેમજ ડીપોઝીટ અને એડવાન્સના નાણાંકીય વ્યવહારોના હિસાબોના મેળવણા અંગેની કાર્યવાહી **તા.૧૫/૦૪/૨૦૨૬ સુધીમાં પુર્ણ કરી લેવા સંબંધિત સર્વેને જણાવવામાં આવે છે**.

વધુમાં **સને ૨૦૨૫-૨૬** ના નાણાંકીય વર્ષમાં **URP** સોફ્ટવેરમાં આપની કચેરી હસ્તકના બજેટ સદર હેઠળ ફાળવેલ ગ્રાન્ટ, થયેલ આવક, ખર્ચ તેમજ ડીપોઝીટ અને એડવાન્સના નાણાંકીય વ્યવહારોના સંપુર્ણ હિસાબો ઓનલાઈન કરવામાં આવેલ છે. જેથી આપની કચેરીમાં નિભાવવામાં આવતા નાણાંકીય વ્યવહારોના તમામ રજીસ્ટરો તેમજ નીચે જણાવેલ પત્રકો અને રજીસ્ટરો પ્રમાણે ચકાસણી કરી લેવાની રહેશે, આઉપરાંત યુનિવર્સિટી બજેટ સદર પ્રમાણે ગ્રાન્ટ, ખર્ચ અને આવક (ઉઘડતી અને બંધ સિલ્લક સહીત) **URP સોફ્ટવેરના રીપોર્ટ નંબર-૩૫** દ્વારા પ્રાપ્ત થયેલ માહિતીઓ સાથે ફેર ચકાસણી કરી લેવાની રહેશે.

વધુમાં, દરેક કચેરીઓના **કચેરી વડાશ્રીઓ અને ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીઓએ ઉક્ત જણાવેલ કાર્યવાહી કર્યા સબબનું** આ સાથે સામેલ **Declaration** સર્ટિફિકેટ અને જરૂરી બિડણો પ્રમાણિત કરી અત્રેની કચેરીના તિજોરી શાખાને **તા.૨૦/૦૪/૨૦૨૬** સુધીમાં અચૂક રજૂ કરવાના રહેશે. જેથી પાછળથી નાણાંકીય વ્યવહારોના હિસાબો અંગે પ્રશ્નો ઉપસ્થિત થાય નહીં. ઉક્ત સમયમર્યાદામાં હિસાબોનું મેળવણું કરવામાં નહીં આવે તો પાછળથી કોઈપણ જાતનાં સુધારા-વધારા કરી આપવામાં આવશે નહીં તેમજ અત્રેથી **AUC/UTC** ઈશ્યુ કરવામાં આવશે નહીં. જેની સર્વેએ નોંધ લેવા વિનંતી.

### Declaration માટે ચકાસણી અર્થે ધ્યાને લેવાના થતા પત્રકો/રજીસ્ટરો :-

**૧.** હિસાબ-૧૭ ખર્ચ રજીસ્ટર/હિસાબ-૧૬ આવક રજીસ્ટરો.

**૨.** પેશગી/અનામત રજીસ્ટરો.

**૩.** ગ્રાન્ટ રજીસ્ટરો.

**૪.** તમામ બેંક ખાતાઓના રીકન્સીલેશન પત્રકો.

**૫.** સરકારી ભરણું (જેવા કે, Income Tax, Goods and Services Tax, Professional Tax, Labour Cess વિગેરેની કપાતના રજીસ્ટરો)

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.

**૬.** કચેરી ખાતે કાર્યરત સેપરેટ યોજનાનાં ફંડનું મેળવણું કરવા માટે નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન ફાળવેલ ગ્રાન્ટ, થયેલ આવક અને ખર્ચના હિસાબી પત્રકો **(પરિપત્ર ક્રમાંક: જા.નં. નકૃયુ/હિનિ/કંટ્રોલ/૬૩૧/૨૦૨૬ તા.૦૨/૦૩/૨૦૨૬ મુજબના)**, રજિસ્ટરો, કેશબુક તેમજ તે સમય દરમ્યાનની બેંક પાસબુક તેમજ રીકન્સીલેશન પત્રક.

**૭.** કચેરી ખાતે નાણાંકીય વ્યવહારો સંબંધિત ઉપલબ્ધ દસ્તાવેજો તેમજ નિભાવવામાં આવેલ રજીસ્ટરો અને **URP** સોફ્ટવેરના રીપોર્ટ નં-૨૯ અને ૩૫.

**નોંધ:-** ઉપર જણાવેલ તમામ રજીસ્ટરો અને પત્રકો અત્રેની કચેરીએથી જયારે પણ ફેર ચકાસણી અર્થે મંગાવવામાં આવે ત્યારે રજુ કરવાના રહેશે.

**બિડાણ:-** નાણાંકીય વ્યવહારોના હિસાબો ના મેળવણા કરવામાં સરળતા રહે તે અર્થે જરૂરી પત્રકો સામેલ રાખેલ છે. જે જરૂર જણાય તો ઉપયોગમાં લેવાના રહેશે.

**જા.નં. નકૃયુ/હિનિ/વવહિઅ/બી-૭-૧/૧૧૧૭/૨૦૨૬**
**નવસારી, તા. ૦૧/૦૪/૨૦૨૬**

**હિસાબ નિયામક**

**નકલ સવિનય રવાના (e-પરિપત્ર દ્વારા):-**

**(૧)** અત્રેની યુનિવર્સિટીના તમામ કચેરીના વડાશ્રીઓ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.
**(૨)** અત્રેની યુનિવર્સિટીના તમામ યોજનાઓના નિયંત્રણ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
**(૩)** અત્રેની યુનિવર્સિટીના તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.

**નકલ રવાના (e-પરિપત્ર દ્વારા):-**

**(૧)** અત્રેની યુનિવર્સિટીના વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી તરફ જાણ તથા અમલ થવા સારૂ.
**(૨)** અત્રેની કંટ્રોલ શાખા, બજેટ શાખા તેમજ તિજોરી શાખાના તમામ ટેબલો તરફ જાણ તથા અમલ થવા સારૂ.

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.